

## કુડાસણ ખાતે ન્યુ હોરિઝોન ક્રિકેટ એકેડેમીનો પ્રારંભ

ગાંધીનગરમાં આજે રવિવારની સવારે એક નવી ક્રિકેટ એકેડેમીનો પ્રારંભ થયો છે. ન્યુ હોરિઝોન ક્રિકેટ એકેડેમીનો ઉદ્દઘાટન સમારોહ ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કંસાર હોટેલ નજીક પ્રિયા ફાર્મ ખાતે યોજાયો હતો. ન્યુ હોરિઝોન ક્રિકેટ એકેડેમી એટલે કે એનએચસીએના ઉદ્દઘાટન પ્રસંગે પ્રિયા ફાર્મના મુકેશભાઈ વ્યાસ, દેનાબેંકના વી.સી. ઉપાધ્યાય ઉપરાંત મૂળજીભાઈ પટેલ, જીડીસીએના પ્રમુખ મેહુલ પટેલ, દેનાબેંકના બંકિમ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. એનએચસીએના કોચ સમીર સુશીલ અને અમિત બુચ દ્વારા યુવાનોને ક્રિકેટ કોચીંગ આપવામાં આવશે તેમજ કુડાસણ, સરગાસણ જેવા વિસ્તારના બાળકોને પણ ક્રિકેટની તાલીમનો અવસર પ્રાપ્ત થશે. એકેડેમીમાં અત્યાધુનિક સાધનો તથા નિષ્ણાંત કોચના માર્ગદર્શન ઉપરાંત વિડિયો એનાલીસીસ જેવી સુવિધાનો પણ ઉપયોગ કરાશે જે ગાંધીનગરમાં ક્રિકેટની નવી પ્રતિભા શોધ માટે ઉપયોગી સાબિત થશે.

## મુખ્યમંત્રીનો આવતીકાલે મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ સંદર્ભમાં રોડ શો

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલે સોમવારે ૨૬ નવેમ્બરના મુંબઈમાં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ સંદર્ભમાં રોડ શો યોજશે. મુખ્યમંત્રી સોમવારે દિવસ દરમ્યાન ૧૫થી વધુ બિઝનેસ લીડર્સ તેમજ અગ્રણી ઉદ્યોગ સંચાલકો સાથે વન ટુ વન બેઠક પણ યોજશે. સોમવારે સવારે ૧૧ વાગ્યે મુંબઈની ટ્રાઈડેન્ટ હોટલ ખાતે યોજાનારા રોડ શો માં વાયબ્રન્ટ સમિટ ૨૦૧૯ની વિશેષતાઓ તેમજ ગુજરાતની વિવિધ સિદ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ તેઓ કરવાના છે.

# ગેસ એજન્સીના ગોડાઉન માટેની જમીનોની બિન ખેતી મંજૂરીની પ્રક્રિયા ઝડપી બનાવાશે

### રાજ્યમાં ત્રણસોથી વધુ ગેસ એજન્સીઓ આગામી દિવસોમાં આપવામાં આવે તેવા સંકેત

ગાંધીનગર, તા. ૨૫
રાજ્યમાં આગામી વર્ષમાં ત્રણસોથી વધુ ગેસ એજન્સીઓ ખોલવામાં આવનાર હોઈ આ ગેસ એજન્સીઓના ગોડાઉન અને ઓફિસ માટેની જમીનોની બિન ખેતીની મંજૂરી ઝડપથી મળે તે જોવા નાગરિક પુરવઠા વિભાગે પંચાયત વિભાગના અગ્ર સચિવને પત્ર લખી જણાવ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવશ્રીએ તેમના પત્રમાં પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત તથા રાજ્ય સરકાર દ્વારા પી.એન.જી. એલપીજી સહાય યોજના અંતર્ગત સબસીડીના ધોરણે રાજ્યની ગરીબ અને જરૂરિયાતમંદ પ્રજાને સ્વચ્છ ઈંધણ મળે તે માટે ગેસ જોડાણ પુરુ પાડવામાં આવે છે. આ બન્ને યોજનાના લાભાર્થી વિવિધ જિલ્લાઓના અંતરિયાળ અને છેવાડાના ગામ સુધી વિસ્તરેલ છે.

તાજેતરમાં ઓઈલ કંપનીઓ સાથેની બેઠકમાં ગેસ એજન્સીઓના ગોડાઉન અને ઓફિસ માટેની જમીનો બિન ખેતી ઝડપથી ન થતી હોવાથી થતા વિલંબ અંગે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ હતુ.

તેમણે પંચાયત વિભાગને લખેલા પત્રમાં આવા કિસ્સાઓમાં બિન ખેતીની પરવાનગીના કામોમાં ગતિ આવે તે જોવા જરૂરી સુચનાઓ આપવા માટે સુચવ્યુ છે.

રાજ્યમાં ત્રણસોથી વધુ એજન્સીઓ વિવિધ જિલ્લાઓમાં ત્રણેય ઓઈલ કંપનીઓ દ્વારા આગામી દિવસોમાં આપવામાં આવનાર છે. રાજ્ય સરકારે પણ 'કેરોસીન ફ્રી' સ્ટેટ બનાવવાનો સંકલ્પ કર્યો છે ત્યારે વહીવટીય પદ્ધતિ સરળ બને અને લોકોને ઝડપથી સુવિધા ઉપલબ્ધ થાય તે જરૂરી છે.



ન્યુ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ માટે મોટિવેશનલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વક્તાએ વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ સાથે નવી ઊર્જાનું સંચરણ થાય તેમજ તેમના જીવનમાં મા-બાપનું મહત્વ સમજાય તે માટે પ્રેરિત કર્યા હતા.

# ગાંધીનગર આર.આર.સેલે મોડાસાના ઝાલોદર નજીક ટેન્કરમાંથી ૨૫.૫૨ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

### ૨ શખ્સોની ધરપકડ : દારૂ ભરી આપનારને પકડવા ચક્રો ગતિમાન

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ અને કેફી



પદાર્થની હેરાફેરી કરી અસામાજિક તત્વો ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી કરોડો રૂપિયાનો વેપલો કરી રહ્યા છે. ગાંધીનગર આર.આર.સેલે અરવલ્લી જીલ્લા પોલીસને અંધારામાં રાખી મોડાસા-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પરથી પસાર થતી ટેન્કરમાંથી છુપવાની ગેરકાયદેસર રીતે ઘુસાડાતો રૂ.૨૫૫૨૪૦૦નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પડી ટેન્કર ચાલાક સહીત અન્ય એક શખ્સની ધરપકડ કરી વધુ તપાસ અર્થે મોડાસા રૂરલ પોલીસે સ્ટેશને ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા નિત-નવા કીમિયા અપનાવી વિદેશી દારૂ ઘુસાડવા સતત સક્રિય રહે છે. મોડાસા-ગોધરા રાજ્યધોરી માર્ગ પર ઝાલોદર ગામ નજીક ગાંધીનગર આર.આર.સેલે ટેન્કર (ગાડી.નં.જી.જે.૯.ઝેડ-૨૨૭૭)માં સંતાડેલ ઈંગ્લિશ દારૂની કેજી રોમિયો ટટટ ૨મ કુલ પેટી નંગ-૭૦૯ બોટલ-૮૫૦૮ કીં.રૂ ૨૫૫૨૪૦૦નો જથ્થો જપ્ત કરી તુલસીરામ નંદાજી રાવત (રહે, ડુંગલા, રાજસ્થાન) અને મુકેશ નારાયણલાલ મીના ( રહે, સગવાડિયા, રાજસ્થાન)ની ધરપકડ કરી મોબાઈલ-૧ કીં. રૂ.૨૦૦૦ તથા ટેન્કર કીં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૩૫૫૪૪૦૦/- મુદ્દામાલ જપ્ત કરી દારૂનો જથ્થો ભરી આપનાર મોબાઈલ નં-૮૨૩૯૪૮૫૪૫૩ નામના અજાણ્યા શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી તપાસ મોડાસા રૂરલ પોલીસ સુપ્રત કરતા મોડાસા રૂરલ પોલીસે ૨ આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ દારૂ ભરી આપનાર અજાણ્યા મોબાઈલ ધારકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# શામળાજી પોલીસે ટ્રક-કન્ટેનરમાંથી ફેવીકોલના ડબ્બાની આડ છુપાવેલ ૨૨.૬૪ લાખનો દારૂ ઝડપ્યો : ડ્રાઈવરની ધરપકડ

શામળાજી, તા. ૨૫
અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી મોટા







પ્રમાણમાં વિદેશી દારૂ અને કેફી પદાર્થની હેરાફેરી કરી અસામાજિક તત્વો ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવી કરોડો રૂપિયાનો વેપલો કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પોલીસ અધિક્ષક મયુર પાટિલના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર દ્વારા દારૂબંધીની અમલવારી માટે શખ્ત કાર્યવાહી કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા ફેવિકોલ ભરેલ પ્લાસ્ટિક ડબ્બાઓ અને બોક્સની આડમાં સંતાડીને ઘુસાડાતો રૂ. ૨૨૬૪૪૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી ટ્રક-કન્ટેનર ડ્રાઈવરને દબોચી લીધો હતો.

શામળાજી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એ.જે. ચૌહાણ અને તેમની ટીમે અણસોલ ગામ નજીકથી રાજસ્થાન તરફથી પસાર થતા ટ્રક-કન્ટેનર (ગાડી.નં-એમએચ.૪૬.એએફ.૪૮૫૪)માં ફેવિકોલ ડબ્બાઓ અને બોક્સની આડમાં ઘુસાડાતો ભારતીય બનાવટનો જુદી જુદી કંપનીની ઈંગ્લિશ દારૂ પેટી નંગ-૫૮૩ બોટલ નંગ કુલ ૬૯૯૬ કિં. રૂ.૨૨૬૪૪૦૦નો જથ્થો જપ્ત કરી રાજેશકુમાર સોહનલાલ જાટ (રહે. સોહન, જી. ભિવાની, હરિયાણા )ની ધરપકડ કરી ટ્રકની કિં. રૂ.૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ કિં. રૂ.૧૦૦૦ મળી કુલ રૂ. ૩૨૬૫૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર હરિયાણાના ભિવાનીના ચૌધરીવાસના બુટલેગર સોનુ જાટ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડના ચક્રોગતિમાન કર્યા હતા.

# શામળાજી પોલીસે ૨૪ કલાકમાં ડાક પાર્સલના ટ્રક કન્ટેનરમાંથી ૧૦.૩૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૨૫
અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ પરથી કરોડો રૂપિયાના વિદેશી દારૂની હેરાફેરી વિવિધ નાના-મોટા વાહનો મારફતે સતત થઈ રહી છે. ત્યારે જીલ્લા પોલીસવડા મયુર પાટીલે આંતરરાજ્ય સરહદ પરથી વિદેશી દારૂ ઘુસાડાતો અટકાવવા શખ્ત કાર્યવાહી કરવાના આદેશ અપાતા પોલીસતંત્ર સતર્ક બનતા શામળાજી પોલીસે ૨૪ કલાકમાં બીજીવાર ડાક પાર્સલ લખેલ ટ્રક-કન્ટેનરમાંથી ૧૦.૩૩ લાખનો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી કન્ટેનર ચાલાક સહીત અન્ય શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી ૨૪ કલાકના સમયગાળામાં રાજસ્થાન તરફથી ડાક-પાર્સલ લખેલ ટ્રક-કન્ટેનર(ગાડી. નં એચઆર.૬૧. બી.૭૭૫૨) માં મસાલા મગફળીના સીંગદાણાના પેકેટના બોક્સની આડમાં સંતાડીને ઘુસાડાતો ભારતીય બનાવટનો વિદેશી દારૂ પેટી-૧૭૫ કુલ બોટલ નંગ-૨૧૦૦ કીં. રૂ. ૧૦,૩૩, ૨૦૦નો જથ્થો જપ્ત કરી કશ્મીર હનુમાનસીંગ જાંગડા (રહે. ૬૫ જૂઈ બિચલી, હરિયાણા) અને રાકેશ ઉમેદસીંગ નાયક (રહે. જૂઈ ખુર્દ, હરિયાણા)ની ધરપકડ કરી ટ્રક કન્ટેનરની કીં. રૂ.૧૦૦૦૦૦૦ તથા મોબાઈલ નંગ-૨ કીં. રૂ. ૨૦૦૦ મળી કુલ રૂપિયા ૨૦૩૫૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશી દારૂ ભરી આપનાર સંદીપ મેરસિંગ ચૌધરી (રહે. ભિવાની, હરિયાણા) સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાના ડુગરવાડા ગામે જનસેવા ફાઉન્ડેશન દ્વારા નિ:શુલ્ક આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયા

મોડાસા, તા. ૨૫
અરવલ્લી જિલ્લાના મોડાસા ડુગરવાડા ગામે જનસેવા ફાઉન્ડેશન દ્વારા ફ્રી હેલ્થ ચેકઅપનો કાર્યક્રમ



યોજાયો હતો.

જેમાં જનસેવા ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન બ્રિજરાજસિંહ વાઘેલા સહિત પ્રદેશના હોદ્દેદારો, અરવલ્લી જિલ્લાપ્રમુખ સહિત જનસેવા ફાઉન્ડેશનના તાલુકા પ્રમુખો હજાર રહ્યા હતા. સાથે ગામના ૧૦૦થી વધુ લોકોએ ફ્રી હેલ્થ ચેકઅપનો લાભ લીધો હતો.



## મોડાસા જેસીસ મિલ્ક કમિટિમાં સાબરડેરીના માર્કેટીંગ મેનેજરની શુભેચ્છા મુલાકાત

મોડાસા નગરમાં છેલ્લા ૪૩ વર્ષથી દૂધનું વિતરણ કરતી સંસ્થા મોડાસા જેસીસ મિલ્ક કમિટિની શુભેચ્છા મુલાકાતે સાબરડેરીના માર્કેટીંગ મેનેજર એન.એલ. પટેલ તથા માર્કેટીંગ વિભાગના રાકેશભાઈ પટેલ પધાર્યા હતા. તેમની સાથે સંસ્થાના સલાહકાર નીલેશભાઈ જોશી અને સેક્રેટરી મુકુન્દ એસ. શાહ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સંસ્થાના કેન્દ્ર સંચાલકો પણ ઉપસ્થિત રહ્યા હતા. એન.એલ. પટેલે કેન્દ્ર સંચાલકોને પડતી તકલીફો સાંભળી શું કરી શકાય તે સમજાવ્યુ હતુ.

# મેઘરજના બાંઠીવાડા પાસે બાઈક અને નીલગાય વચ્ચે અકસ્માતમાં એકનુ મોત

મેઘરજ, તા. ૨૫
અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના લાલાકુપા ગામના બે ઈસમો લાલાકુપાથી સામાજીક પ્રસંગે ડુંગરાગોઢ ગામે જતા હતા ત્યારે બાંઠીવાડાના ચીરા સ્ટેશન પાસે પહોંચતા અચાનક નીલગાય આવી જતા બાઈક સવાર બંને ઈસમો નીલગાય સાથે ટકરાતા બંને ઈસમોને ઈજાઓ પહોંચી હતી. જેઓને તાત્કાલીક સારવાર અર્થે મેઘરજની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. જેમાં બાઈક પાછળ બેસેલ ઈસમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા લખાભાઈ હાથીભાઈ ડામોર રહે. લાલાકુપા ઉ. આ. ૫૦નુ સારવાર દરમિયાન મોત નીપજ્યુ હતુ.



અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં સુપ્રસિદ્ધ સાઈબાબાના મંદિરમાં દેવદિવાળીના દિવસે ભવ્ય અન્નકૂટના દર્શનનુ આયોજન કરેલ હતું જેના દર્શનાર્થે નગરમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. આ સમગ્ર આયોજનમાં મંદિરના પૂજારી ભોલાભાઈએ ભારે જહેમત ઉઠાવેલ હતી.

## ગણથરીમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતા. અતિ વસ્તીના કારણે ગરીબી, બેકારી, ભૂખમરો, નિરક્ષરતા જેવી સામાજિક સમસ્યાઓ આર્થિક પ્રશ્નોના કારણે વધુ વેગવાન હતી. પરંતુ ડિમારુ રાજ્યમાં તો ગુજરાત, પંજાબ અને હરિયાણા જેવા રાજ્યોના નામ પણ જોડાયા છે. 'ડિમારુ' રાજ્ય તરીકે ઓળખાયેલા આ રાજ્ય કૃષિ, સિંચાઈ, પશુપાલન, સાક્ષરતા વગેરે દ્દષ્ટિએ યુ.પી., બિહાર જેવા 'બિમારુ' રાજ્યો કરતાં ઘણા આગળ હતા. પરંતુ પ્રગતિશીલ ગણાય એવા રાજ્યોએ 'ભૃણ હત્યા'ની અધોગતિ વ્યાપક પ્રમાણમાં કરી હતી. ૨૦૧૧ના સેન્સસમાં બે થી અઢી દશકા પહેલા વકરેલી દિકરીને મારી નાંખવાની જઘન્ય-નિર્મમ નિર્લજ્જતા હવે નજર સામે આવી રહી છે. ગુજરાતના દિકરી-વહુ વગરના પરિવારોની વિગતો આવતા અંકમાં જોઈશુ.

## રામ મૂર્તિ બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝાંખી પણ રજૂ કરવામાં આવશે. રામની પ્રતિમાનું નિર્માણ ૧૦૦ એકરની જમીન પર કરવામાં આવશે. આ મહત્ત્વાકાંક્ષી યોજનાના ભાગરૂપે સરયૂ રીવરફ્રન્ટ પણ ડેવલપ કરવામાં આવશે. ભગવાન રામની મૂર્તિને ઈન્સ્ટોલ કરવા માટે કાયદો ઘડવો પડશે અને એ વિશે ભવિષ્યમાં ચર્ચા કરવામાં આવશે, એવું આદિત્યનાથે અગાઉ કહ્યું છે. અયોધ્યાની જનતાની લાગણીને સંપૂર્ણપણે ધ્યાનમાં લેવામાં આવશે. હિન્દુ સંતો અને સાધુ સંતો આ યોજનાને ટેકો આપી રહ્યા છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. વડાપ્રધાન નેહરુ અને મુખ્યમંત્રી મોરારજી દેસાઈ પણ ડૉ.કુરિયન સાથે એમના ઘરે જ રોકાયા હતા. એ પછી તો દાયકાઓ સુધી ડૉ.કુરિયન આ ખેડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી એટલે કે અમૂલના કર્મચારી રહ્યા અને એમણે અહીં સેવારત રહીને જ દુનિયાભરમાં અમૂલનું નામ રોશન કર્યું.દેશમાં દૂધ ક્રાંતિનું સર્જન કર્યું.જોકે ડૉ.કુરિયન સહકારી ક્ષેત્રમાં સરકારી દખલગીરીના આજીવન વિરોધી રહ્યા.એમના પ્રયાસો થકી જ રાજ્યમાં જિલ્લાવાર દૂધ ઉત્પાદક સંઘો અને દૂધસાગર,બનાસ,સાબર સહિતની જિલ્લા સહકારી ડેરીઓ અને એમનો મહાસંઘ થયો.મૂળ કેરળના મલયાલી એવા ડૉ.કુરિયને સવાયા ગુજરાતી થઈને ફેડરેશન,એનડીડીબી, ઈરમાની સ્થાપના અને નેતૃત્વ પૂરું પડ્યું. અમૂલગાથા ગૌરવવંતી છે.જોકે ઈતિહાસના ઘટનાક્રમને જાણ્યેઅજાણ્યે વિકૃત કરવાનો પ્રયાસ કરનારાઓથી સાવધ રહેવાની જરૂર ખરી. એમાંય ઈતિહાસવિદોને ખોટી વાતો પધારવનારાઓથી તો ખાસ ચેતવું જ ઘટે.

ઈ-મેઈલ : haridesai@gmail.com

## કેસોની સુનાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ધારાશાસ્ત્રી યતીન ઓઝા અને ચાંપાનેરી સાથે બેઠક યોજી કેટલીક મહ્ત્વની વિગતો આપી હોવાનું જાણવા મળેલ છે.

આજે વડી અદાલતમાં આ કેસ ઉપરાંત કોંગી કાઉન્સીલર અંકિત બારોટે પણ તેના મતાધિકારની રક્ષા કરવા દાદ માંગી હોવાથી તેની પણ સુનાવણી હાથ ધરાશે.

આ ઉપરાંત મેયરનો બંધ કવરમાં મત જે છે અને પરિણામ ઘોષિત કરવામાં આવે તેવી રજુઆત ભાજપ દ્વારા કરવામાં આવશે. આજની સુનાવણીમાં મનપાના અધિકારી પણ હાજર રહેશે તેમ જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાના મેયરની ચૂંટણી આમ તો ૫મીની સામાન્ય સભામાં થઈ હતી પરંતુ મેયરના મત બંધ કવરમાં રાખવા અને તે વડી અદાલતમાં ખોલ્યા બાદ પરિણામ જાહેર કરાશે તેવો આદેશ પક્ષાંતર ધારાભંગની ફરિયાદની સુનાવણી દરમ્યાન વડી અદાલતે આપ્યો હતો.

## એટીએમ સેન્ટર...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યરત થઈ નથી. જેના લીધે રોજબરોજ મુસાફરો ખિસ્સા કાતરુઓનો ભોગ બની રહ્યા છે. મુસાફરોની સલામતીના નામે મીંડુ છે. બસમાં બેસતા મુસાફરો પીક પોકેટીંગના લીધે વધુ સાવધ રહેવાની અનિવાર્યતા ઉભી થઈ છે. બીજીતરફ ખિસ્સામાંથી પાકીટ સેરવી ગઠીયા ગાયબ થઈ જાય છે જયારે આ ઠેકાણે એ ટી એમ સુવિધા પણ ન હોવાથી મુસાફરોની તકલીફ વધી જાય છે. એસ ટી ડેપોમા દોઢ વર્ષ અગાઉ એ ટી એમ સેન્ટર શરૂ કરવા માટે જગ્યા નિયત કરવામાં આવી હતી. જયારે આ માટે જગ્યા ફાળવી દેવાયા બાદ વિવિધ બેંકોને પણ એસ ટી ડેપો દ્વારા જાણ કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયના અંતે પણ હજુ સુધી એસ ટી ડેપોમાં એ ટી એમ સેન્ટર શરૂ કરી શકાયુ નથી. જેના લીધે મુસાફરોએ પૈસા ઉપાડવા માટે સિવિલ કેમ્પસ તેમજ પેટ્રોલ પંપ સુધી લાંબા થવુ પડે છે. બેંક કક્ષાએથી આ મામલે રસ ન દાખવવામાં આવતા મુસાફરોને સુવિધા મળતી નથી. આ મામલે ત્વરિત કોઈ આયોજન થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

## ત્રાસવાદી ઠાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યાં ચાર ત્રાસવાદીઓ ઠાર થયા હતા. ત્રાસવાદીઓની ઓળખ કરી લેવામાં આવી છે. શ્રીનગર સ્થિત સંરક્ષણ પ્રવક્તા લેફ્ટી કર્નલ રાજેશ કાલિયાનું કહેવું છે કે, ઓપરેશનમાં એક જવાન શહીદ થયા હતા. આજ વેળા સોપિયનમાં પણ એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોને સફળતા મળી હતી. અહીં ઓપરેશન હાથ ધરવામાં આવ્યા બાદ છ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. આજે બે જુદી જુદી અથડામણમાં ૧૦ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. રાજયના અનંતનાગમાં ભીષણ અથડામણમાં છ ત્રાસવાદીઓ ઠાર થયા હતા. સેના અને સુરક્ષા દળો દ્વારા જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં હાથ ધરવામાં આવેલા ઓપરેશન ઓલઆઉટના કારણે હજુ સુધી લશ્કરે તોઈબા અને જૈશે મોહમ્મદના ખૂંખાર ત્રાસવાદીઓ સહિત સેંકડો ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ત્રાસવાદી સંગઠનોની કમર તોડી દેવામાં આવી છે.

## પુરેપુરી જમીન

● અનુસંધાન પહેલાનું ચાલુ

જમીનની માલીકી હકનો કેસ પરત ખેંચી લેવો જોઈએ. આપને જણાવી દઈએ કે રામમંદિર મુદ્દે અલ્લાહાબાદ હાઈકોર્ટે તેના નિર્ણયમાં વિવાદિત જમીનને ત્રણ ભાગમાં વહેચી હતી.

અયોધ્યામાં ધર્મસભામાં તેમણે વધુમાં જણાવ્યું કે, વિવાદિત જમીન પર નમાજ નહીં પઢવા દઈએ. તેમણે આ અવસરે જણાવ્યું હતું કે, હિન્દુ વર્ષોથી રાહ જુએ છે કે અહીં રામમંદિર બનશે.

તેમણે જણાવ્યું હતું કે, જ્યારે અર્જુન ન હતો સમજી શકતો તો કૃષ્ણએ મોં ખોલ્યું હતું. આજે એ જ કામ વીએચપી કરી રહી છે. અહીં રામ મંદિર હતુ. અયોધ્યામાં માત્ર રામમંદિર જોઈએ. તેમણે જણાવ્યું હતું કે હિન્દુની ધીરજની પરીક્ષા ન લેવી જોઈએ. આજે માત્ર ૪૮ જિલ્લામાંથી રામભકતો આવ્યા છે, ભવિષ્યમાં આ ભીડ વધી શકે છે.

## સમય પાકી ગયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાગવતે કહ્યું હતું કે, વર્ષોથી અમે માંગ કરી રહ્યા છે પરંતુ સુનાવણી થઈ રહી નથી. કોર્ટની પ્રાથમિકતામાં જ આ બાબત નથી. જનહિતના મામલાઓને ટાળવાનો કોઈ અર્થ નથી. નીચે મંદિર હતું તે બાબત ખોદકામ કરીને જોવામાં આવી ચુક્યું છે. નિર્ણય થઈ ગયો છે કે, મંદિર તોડીને માળખુ બનાવવામાં આવ્યું હતું. સમાજ માત્ર કાયદાથી ચાલતું નથી. શ્રદ્ધા ઉપર કોઈ પ્રશ્નો ઉઠાવી શકે નહીં. કોર્ટનો નિર્ણય હજુ આવશે નહીં. કારણ કે તે પ્રાથમિકતામાં નથી. રામના સમયમાં કોઈ વક્ફ બોર્ડ, કોઈ અખાડા ન હતા. પોતાના તલવારના બળ ઉપર સ્થાનને બળજબરીપૂર્વક લઈ લેવામાં આવ્યું હતું અને મંદિરને તોડી પડાયું હતું. આવી સ્થિતિમાં મંદિર નિર્માણ માટે દબાણ લાવવામાં આવે તે જરૂરી છે. ક્યારે ક્યારે પ્રશ્ન થાય છે કે, મંદિરની માંગ કેમ કરી રહ્યા છે પરંતુ જો મંદિરની માંગ કરવામાં આવે તો કઈ માંગ કરવામાં આવે. સંઘના વડાએ કહ્યું હતું કે, અયોધ્યામાં રામની જન્મભૂમિ છે જે એક જ હોય છે. બીજી હોઈ શકે નહીં.

## વિલન છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવે. કારણ કે ૨૦૧૯માં ચૂંટણી છે. ન્યાય તંત્રને પણ રાજનીતિમાં ખેંચવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. જ્યારે સુપ્રીમ કોર્ટના કોઈ જજ અયોધ્યા જેવા ગંભીર સંવેદનશીલ મામલામાં દેશને ન્યાય અપાવવાની દિશામાં તમામને સાંભળવા માટે ઈચ્છુક હતા ત્યારે કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અને વકીલ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિઓની સામે મહાભિયોગ લાવીને તેમને ડરાવી રહ્યા હતા. કોંગ્રેસો હવે ન્યાયમૂર્તિઓને ડરાવવા ધમકાવવાનો નવો ખેલ શરૂ કર્યો છે. મોદી કોઈપણ જગ્યાએ જન્મે તો રાજસ્થાનના ભવિષ્યને તેનાથી કોઈ અસર થાય છે કે કેમ તેવો પ્રશ્ન કરતા વિરાટ સભામાં મોદીએ જાતિવાદના ઝેરને ફેલાવવાના કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે જ્યારે બોલાવાની તક આવે છે ત્યારે કોંગ્રેસના રાજદરબારી શાંત થઈ જાય છે. તેમના મૂળ સ્વભાવ તેમના વાણી અને સ્વભાવમાં દેખાઈ આવે છે. જાતિવાદમાં ડૂબેલા લોકો છે. ગરીબો અને દલિતો પ્રત્યે નફરત તેમનામાં દેખાઈ આવે છે. કોંગ્રેસના દિગ્ગજ નેતા બાબાસાહેબના સમયથી જ ખોટી ભાષાનો ઉપયોગ કરતા રહ્યા છે.